## <u>મે. ૩૬ માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૪, અમદાવાદ.</u>

**CC**–8166–2025

**ફરીયાદી:–** ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**વિરુધ્ધ**

આરોપીઃ– **UMESHBHAI VIJAYBHAI KUVAR**

**ગુન્હો : ધી. એમ. વી. એક્ટની કલમ ૧૮૫ તથા ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ ૬૬(૧)(બી) વિ. મુજબ**

**ઠરાવ**

૧). આકામની ફરીયાદ હકીકત આરોપીને વાંચી સભળાવી અને સમજાવવામાં આવેલી છે તેના જવાબમાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે.આરોપીએ સ્વખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી.ફરીયાદી ના રીપોર્ટકે આરોપીઓ/આરોપી સામે અન્ય કોઈ ગુનો બહાર આવેલ નથી તે ધ્યાને લીધો.

૨). આરોપીએ સ્વેચ્છાથી ગુન્હાની કબુલાત કરેલ છે અને કબુલાત પુરસીસ/પ્લી રજુ કરેલ છે જે ખુબ ગરીબ છે તથા એક માત્ર કમાનાર હોઈ દંડ ભરવા મુદત આપવા સારુ તથા ઓછી સજા કરવા દયાની માગણી કરેલ છે અને જણાવેલ છે કે પ્રથમ ગુન્હો છે. અને કુટુબનો ભરણ પોષણનો આધાર આરોપી પર છે.આ કામના ગુન્હાનુ સ્વરુપ લક્ષમાં લઈ તથા આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતો હોઈ નીચે મુજબનો હુકમ કરુ છુ.

૩). કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે **<u>ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં. ૭૦૯)</u>**આપેલ સમજુતિ મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

આરોપીને **<u>ધી. એમ. વી. એક્ટની કલમ ૧૮૫ તથા ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ ૬૬(૧)(બી) વિ.</u>**ના ગુનામાં ગુન્હેગાર ઠરાવી દરેક આરોપીને રુા.**10,000/–પુરા અંકે દસ હજાર રુપીયા પુરાનો** દંડ ફરમાવવામાં આવે છે.જો આરોપીઓ દંડ ન ભરે તો દીન ૧૫ ની સાદી કેદની સજા ફરમાવુ છુ.

આ કામે મુદામાલ અંગે જો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવા નો હુકમ કરવામાં આવે છે.જો હુકમ ન થયો હોય તો મુદામાલ વાહન મુદામાલના માલીકીની ખરાઈ કરી તેઓને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે

સ્થળ.અમદાવાદ
તા.

**(હીના જીતેન્દ્રભાઈ બ્રહમમટ્ર)**
૩૬ માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ(કોર્ટ નં. ૪)
જીજે–૦૧૧૭૨

**ઠરાવ બાદ આરોપી ખુબ ગરીબ હોઈ તે ટીઆરસી માટે તૈયાર છે. પણ દંડ ભરવા મુદત માંગેલ છે. તેથી દંડ ભરવા મુદતઃ તા ૦૮/૦૩/૨૦૨૫ સુધી સમય આપેલ છે. તે દીવસે દંડ જમા લેવો. તથા કેસ નો નીકાલ કરવો. એડવોકેટ કે ઈષ્ટ મીત્ર ધ્વારા લઈ શકાશે**

**<u>વધુ હુકમ:</u>**

**આજ સ્પેશીયલ સીટીંગ માં દંડની રકમ ચુકતે થયેલ હોઈ આ કેસ નો નીકાલ ગણવો.**

આજરોજ સ્પેશીયલ સીટીંગ માં વાંચી સંભળાવી ને જાહેર કર્યો.

સ્થળ.અમદાવાદ
તા.૦૮/૦૩/૨૦૨૫

**(હીના જીતેન્દ્રભાઈ બ્રહમમટ્ર)**
૩૬ માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ(કોર્ટ નં. ૪)
જીજે–૦૧૧૭૨